eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 402
September 11, 2015

## પ્રેસનોટ
## તા.૩૦/૦૮/૨૦૧૫ ના રોજની
## ત્રીજી શ્રેણી કલાર્ક તથા પ્રાયમરી હેલ્થ વર્કરની જગ્યાની લેખિત પરીક્ષાનાં ઉમેદવારો જોગ

(૧) તા.૩૦/૦૮/૨૦૧૫ નાં રોજ રાખવામાં આવેલ લેખિત પરીક્ષામાં ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યાનાં ઉમેદવારોએ સવારે ૧૦:૦૦ કલાકે તેમજ પ્રાયમરી હેલ્થ વર્કરની જગ્યાનાં ઉમેદવારોએ બપોરે ૨:૦૦ કલાકે પરીક્ષાનાં સ્થળે એટલે કે ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સર્વે નં.૧૪૯, ન્યુ સીટી લાઈટ રોડ, આર્શીવાદ વીલાની પાસે, હીના બંગ્લોઝની પાછળ, ભરથાણા–વેસુ, સુરત ખાતે સમયસર હાજર રહી બેઠક ક્રમાંક મેળવી લેવાનો રહેશે.

વધુ માટે કલીક કરો >>>>>>

---

## પ્રેસનોટ
## સુરત મહાનગરપાલિકા
## માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૨/૮/૨૦૧૫ થી તા.૨૮/૮/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ–ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર) તથા સાઉથ– વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૨૯,૦૪૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૬૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૯૯.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ

વધુ માટે કલીક કરો >>>>>>

---

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

(૧)ટી.પી.સ્કીમ નં.૫(અઠવા–ઉમરા), ફા.પ્લોટ નં.૬૩૧/પૈકી માં આવેલ કેર હોસ્પિટલ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી ધ્વારા ટેરસ પર મંજુર પ્લાન વિરૂધ્ધનું પતરાના શેડ ત્ર કેબીનનું બાંધકામ કરેલ જે અન્વયે અત્રેથી તા.૨૫/૦૮/૧૫ ના રોજ નોટીસ આપી દુર કરવા જણાવેલ પરંતુ આજદિન સુધી સદરહુ ગેરકાયદેસરનું બાંધકામ મિલ્કતદારશ્રી ધ્વારા દુર ન કરતા અત્રેથી પતરાના શેડ ત્ર કેબીનનું આશરે ૩૦૦૦ ચો.ફુટ અનઅધિકૃત બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

---

## પ્રેસનોટ
## સુરત મહાનગરપાલિકા
## માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦–૦૨–૧૯૭૬ થી વિદિત થઈ, જન્માષ્ટમી (ગોકુળ આઠમ) પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાદેર કતલખાના તા.૦૫/૦૯/૨૦૧૫ ના દિવસે બંધ રહેશે.

વધુ માટે કલીક કરો >>>>>>

---

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## પ્રેસનોટ
## પ્રતિબંધિત પ્લાસ્ટીક વપરાશ અટકાયત ઝુંબેશ

સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાની મંજુરી મુજબ સમગ્ર સુરત શહેરમાં ચા–કોફી વેચાણ કરતી હોટલ / લારીઓ વિગેરે પર પ્લાસ્ટીકના કપના વપરાશ ઉપર તથા પાન/મસાલા વેચાણ કરતા ગલ્લા પર પ્લાસ્ટિક રેપરના વપરાશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

---

## પૂર્વ (વરાછા) ઝોનની અખબારી યાદી

## તા.૦૨/૦૯/૨૦૧૫

### માસ ઓગસ્ટ–૨૦૧૫ દરમ્યાન ઈમ્પેકટ ફી તથા આઈ.સી.નાં નાણાની રકમની વસૂલાત બાબત.

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોન તરફથી ગૃડા–૨૦૧૧ હેઠળ મંજુર થયેલ અરજીઓની ઈમ્પેકટ ફી વસુલ કરવાની કામગીરી સતત ચાલુ રાખવામાં આવેલ છે. તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ નાં પ્રથમ જ (ચાર) માસમાં જ ઈમ્પેકટ ફી પેટે રૂા.૭.૯૮ કરોડની રકમની વસુલાત કર્યા બાદ માસ ઓગસ્ટ–૨૦૧૫ માં પણ ઈમ્પેકટ ફી પેટે રૂા.૧.૮૭ કરોડની રકમની વસુલાત કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

---

:: પ્રેસનોટ ::

### સુરત મહાનગપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૯/૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ

વધુ માટે કલીક કરો >>>>>>

---

:: પ્રેસનોટ ::

### સુરત મહાનગરપાલિકા

### સરથાણા નેચરપાર્ક–ઝુ

### સરથાણા નેચરપાર્ક ખાતે પાંજરામાં રાખવામાં આવેલ વૃધ્ધ વાઘણ નામે મોઘીની નાતંદુરસ્ત હાલત.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા પ્રાણી સંગ્રહાલયને ખુલ્લું મુકવાના ભાગરૂપે એપ્રિલ–૨૦૦૨ માં ૦૨ (બે) વાઘણો નામે મોઘી અને રિધ્ધિ રાજકોટ ઝુ માંથી મેળવવામાં આવેલ હતી, પૈકી મોઘીનો જન્મ રાજકોટ ઝુ ખાતે તા. ૨૬/૦૬/૧૯૯૬ ના થયેલ હતો. મજકુર વાઘણ નામે મોઘીની હાલ ઉંમર ૧૯ વર્ષ થી વધુ થઈ જતા તેમની રોજીંદી હલન – ચલન, વ્યવહાર અને ખોરાક લેવામાં ખાસ્સો ફેરફાર જોવા મળેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

---

:: પ્રેસનોટ ::

### સુરત મહાનગરપાલિકા

### માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૯/૦૮/૨૦૧૫ થી તા.૦૪/૦૯/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ–ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન (ઉધના), વેસ્ટઝોન (રાંદેર) તથા સાઉથ વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૨,૫૮૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૨,૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૨૮.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૬૮.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

---

### પ્રેસનોટ

### નોર્થ ઝોન (કતારગામ)

### સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯,૦૪૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૩૧૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૮૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# <u>પ્રેસનોટ</u>

લિંબાયત ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ મગદુમ નગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૭૧, તથા પાંડેનગરના માન્ય યાદીના–૦૫ મળી કુલ ૭૬ લાભાર્થીઓને ટી.પી.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં. ૪૧, R–૨૧ (સુમન અનમોલ) ખાતે(૭૫ લાભાર્થીઓને) તથા વડોદ રે.સ.નં. ૩૧/૧ ખાતે(૧ લાભાર્થીને) સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૫.૦૮.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે લિંબાયત ઝોન ઓફિસ ખાતે ચેર પર્સનશ્રી, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિ, લિંબાયત ઝોન ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

જનસંપર્ક વિભાગ
પ્રેસનોટ નંબર. 826
તા.૨૬/૦૮/૨૦૧૫

TOP

# પ્રેસનોટ

## રાખી મેળા-૨૦૧૫

મા.મુખ્યમંત્રીશ્રીના મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગ આપવા જનઆંદોલનના ભાગરૂપે આગામી રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે રાખડી અને રાખડી સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને સીધેસીધુ બજાર મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪.૮.'૧૫ થી તા.૨૯.૮.'૧૫ દરમ્યાન વિવિધ કુલ-૧૩ સ્થળોએ કુલ-૬૯ સ્ટોલની મહિલા જુથોને ફાળવણી કરી 'રાખી મેળા-૨૦૧૫'નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રથમ બે દિવસો દરમ્યાન મહિલા જુથો દ્વારા કુલ રૂ.૨,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પંચોતેર પુરા)ની રાખડી અને તે સંબંધિત ચીજ વસ્તુઓનું વેચાણ કરેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા સશકિતકરણને ધ્યાને લઈ કરેલ રાખી મેળાના આયોજનને શહેરીજનો દ્વારા ખુબ સારો પ્રતિસાદ મળી રહેલ છે, મહિલા જુથોની આર્થિક પ્રવૃત્તિને વેગ મળે તે માટે 'રાખી મેળા-૨૦૧૫' અંતર્ગત નીચે જણાવેલ સ્થળોએ રાખવામાં આવેલ સ્ટોલ પરથી રાખડી તથા તે સંબંધિત વસ્તુઓની ખરીદી કરી મહિલા જુથોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને અપિલ છે.

### રાખી મેળા-૨૦૧૫ના સ્થળો

| અ. નં. | ઝોન | સરનામું |
|---|---|---|
| 1 | WZ | શાકભાજી માર્કેટ, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત |
| 2 | WZ | પ્રાઈમ આર્કેડ, જોગાણીનગર પાસે, અડાજણ, સુરત. |
| 3 | NZ | શાકભાજી માર્કેટ, અમરોલી બ્રીજ, અમરોલી, સુરત |
| 4 | NZ | પારસ શાકભાજી માર્કેટ, પારસ પોલીસ ચોકી પાસે, કતારગામ, સુરત |
| 5 | SEZ | હનુમાનજી મંદિર, હળપતિવાસ, પરવત પાટીયા, સુરત |
| 6 | SEZ | શાકભાજી માર્કેટ, આંબેડકર ભવનની બાજુમાં, માન દરવાજા, સુરત |
| 7 | SEZ | મદનપુરા શાકભાજી માર્કેટ, લિંબાયત,સુરત |
| 8 | CZ | લાલદરવાજા શાકભાજી માર્કેટની સામે, બ્રીજની નીચે, લાલ દરવાજા, સુરત |
| 9 | SZ | શાક માર્કેટ, ગુ.હા. બોર્ડ, પાંડેસરા,સુરત. |
| 10 | SZ | વોર્ડ ઓફિસ પાસે, ભેસ્તાન ચાર રસ્તા, સુરત |
| 11 | SWZ | અંબાનગર, શ્રી સી.આર.પાટીલની ઓફિસ પાસે, શાકભાજી માર્કેટની બહાર ફુટપાથ પર, સુરત |
| 12 | SWZ | નારી સંરક્ષણ ગૃહ, અંધજન શાળાની સામે ઘોડદોડ રોડ, સુરત |
| 13 | EZ | બરોડા પ્રેસ્ટીજ, વરાછા રોડ, વરાછા, સુરત |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 827 : [redacted]
તા. 26-8-૨૦૧૫

TOP

**–: પ્રેસનોટ :–**

**સાઉથઝોન(ઉધના)**

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

(૧) સાઉથઝોન(ઉધના) ટી.પી.૪૮ (ભેસ્તાન) પ્રિલીમીનરી ફા.પ્લોટ નં.૮૨ માં આવેલ ગાર્ડનના હેતુ માટેના રીઝર્વેશન પ્લોટની ઉતર–પશ્ચિમ તરફે વર્ષો જુનુ રહેણાંકના હેતુસરનું ગ્રાઉન્ડ + ફર્સ્ટ ફલોરનું બાંધકામ આવેલ.જે દૂર કરવા મિલ્કતદારને અત્રેથી વાંરવાર સુચના આપવામાં આવેલ જે સુચનાનો મિલ્કતદાર ધ્વારા અમલ કરવામાં ન આવતા અત્રેથી તા.૨૦/૮/૨૦૧૫ થી તા.૨૨/૮/૨૦૧૫ દરમ્યાન કુલ ૧૮૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં આર.સી.સી તથા ચણતર કામનું ડિમોલીશન કરી, જમીનદોસ્ત કરી સદરહું રીઝર્વેશન પ્લોટનો કબ્જો ખુલ્લો કરી દેવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઝોન(ઉધના) શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૦૮/૨૦૧૫ થી તા.૨૬/૦૮/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૯૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૭૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૯૯૭૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૧૭૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૨૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૯૫૪ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૯,૭૩,૧૦૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૬૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૯૭ એન્ટ્રીમાં રૂા.૪,૧૪,૯૬૨/– અને આર.સી.ની ૭૨ એન્ટ્રીમાં રૂા.૨,૨૭,૨૨૫૦/– મળી કુલ રૂા.૬,૪૨,૨૧૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૬૦, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૪૦૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૩ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૭ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

TOP

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૦૮/૦૯/૨૦૧૫**ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા** અને સવારે ૧૧.૦૦ કલાકે **પ્રાથમિક વિભાગની વર્ષાગીત** સ્પર્ધાનું આયોજન **સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ,** રાંદેર રોડ, **સુરત** ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૦૩/૦૯/૨૦૧૫</u>** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in **પરથી પણ મળી** શકશે.

સમાચાર યાદી નં. **830**
તા.૨૭/૦૮/૨૦૧૫.
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

TOP

## પ્રેસનોટ

## તા.૩૦/૦૮/૨૦૧૫ ના રોજની

## ત્રીજી શ્રેણી કલાર્ક તથા પ્રાયમરી હેલ્થ વર્કરની જગ્યાની લેખિત પરીક્ષાનાં ઉમેદવારો જોગ

(૧) તા.૩૦/૦૮/૨૦૧૫ નાં રોજ રાખવામાં આવેલ લેખિત પરીક્ષામાં ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યાનાં ઉમેદવારોએ સવારે ૧૦:૦૦ કલાકે તેમજ પ્રાયમરી હેલ્થ વર્કરની જગ્યાનાં ઉમેદવારોએ બપોરે ૨:૦૦ કલાકે પરીક્ષાનાં સ્થળે એટલે કે ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સર્વે નં.૧૪૯, ન્યુ સીટી લાઈટ રોડ, આર્શીવાદ વીલાની પાસે, હીના બંગ્લોઝની પાછળ, ભરથાણા–વેસુ, સુરત ખાતે સમયસર હાજર રહી બેઠક ક્રમાંક મેળવી લેવાનો રહેશે.

(૨) લેખિત પરીક્ષાનાં ઉમેદવારોએ કોલલેટર અને પ્રવેશપત્ર અચૂક લાવવાના રહેશે.

(૩) જવાબવહીમાં જવાબ લખવા માટે કાળી / ભુરી બોલપોઈન્ટ પેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.

(૪) પરીક્ષાખંડમાં ઉમેદવારથી મોબાઈલ ફોન, કેલ્કયુલેટરનો ઉપયોગ કરી શકાશે નહીં.

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૧/૦૮/૨૦૧૫ થી તા.૨૭/૦૮/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૧૦૦૯ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૨૭૪ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૫૪ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૬ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૩૮ સ્ત્રીઓની પ્રસૃતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૧૬૬ મેજર ઓપરેશનો તથા ૨૭૭ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૯૨૯, સોનોગ્રાફી ૬૫૩, એમ.આર.આઈ. ૧૬૪ તથા સીટી સ્કેન ૧૦૯ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૭૫ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૧૫ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૨૯૦૯૯ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૧૩૬ દર્દીઓ તથા નવા ૬૩ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

# અગત્યની પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) ના વહીવટી કામકાજ માટે નવા " વહીવટી ભવન " ગજેરા સ્કુલ પાછળ, રામજીકૃપા રો હાઉસની બાજુમાં તા.૩૧/૦૮/૨૦૧૫ ના રોજથી કાર્યરત થનાર છે.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નોર્થઝોન (કતારગામ) ના કામકાજ માટે સદર જણાવેલ સ્થળ પર " નવા વહીવટી ભવન " ખાતે સંપર્ક કરવાનો રહેશે. નવી નોર્થઝોન (કતારગામ) ની ઓફિસના ટેલીફોન નંબરો નીચે મુજબ છે.

(૧) ૨૪૮૦૫૧૮

(૨) ૨૪૮૬૩૦૦

(૩) ૨૪૮૭૫૦૦

નં.પીઆરઓ./ 833
તા./૦૮/૨૦૧૫

આસી.કમિશ્નર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

TOP

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૨/૦૮/૧૫ થી તા.૨૮/૦૮/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૦૧૯ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૫ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૬ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૯ |

TOP

પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૨/૮/૨૦૧૫ થી તા.૨૮/૮/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ–ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર) તથા સાઉથ– વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૨૯,૦૪૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૬૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૯૯.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૭૧.૫૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૭ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૩૧,૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ ૦૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૦૬૯૯ અને ૪૭૩૫ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૩૪,૫૬૦/– અને રૂા.૧,૯૪,૦૭૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૨૮,૬૩૦/– મ્યુ.તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

TOP

સુરત મહાનગરપાલિકા

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧)ટી.પી.સ્કીમ નં.૫(અઠવા–ઉમરા), ફા.પ્લોટ નં.૬૩૧/પૈકી માં આવેલ કેર હોસ્પિટલ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી ધ્વારા ટેરસ પર મંજુર પ્લાન વિરૂધ્ધનું પતરાના શેડ ત્ર કેબીનનું બાંધકામ કરેલ જે અન્વયે અત્રેથી તા.૨૫/૦૮/૧૫ ના રોજ નોટીસ આપી દુર કરવા જણાવેલ પરંતુ આજદિન સુધી સદરહુ ગેરકાયદેસરનું બાંધકામ મિલ્કતદારશ્રી ધ્વારા દુર ન કરતા અત્રેથી પતરાના શેડ ત્ર કેબીનનું આશરે ૩૦૦૦ ચો.ફુટ અનઅધિકૃત બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૧૩ (અઠવા) વિસ્તારમાં આવેલ એ/૧૯, સ્વાશ્રય સોસાયટી વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી ધ્વારા ટેરસ પર મંજુર પ્લાન વિરૂધ્ધનું પતરાના શેડનું બાંધકામ કરેલ જે અન્વયે અત્રેથી તા.૨૫/૦૮/૧૫ ના રોજ નોટીસ આપી દુર કરવા જણાવેલ પરંતુ આજદિન સુધી સદરહુ ગેરકાયદેસરનું બાંધકામ મિલ્કતદારશ્રી ધ્વારા દુર ન કરતા અત્રેથી પતરાના શેડનું આશરે ૬૦૦ ચો.ફુટ અનઅધિકૃત બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

| | |
|---|---|
| | સુરત મહાનગરપાલિકા<br>માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ) |

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦–૦૨–૧૯૭૬ થી વિદિત થઈ, જન્માષ્ટમી (ગોકુળ આઠમ) પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાદેર કતલખાના તા.૦૫/૦૯/૨૦૧૫ ના દિવસે બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઈસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઈસમો સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૩૧.૦૮.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૬ ફાઈલના રૂા.૩.૩૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા) ૩૦૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૧૫૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૭૨ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૧ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.ના નાણાં રૂા.૧,૩૮,૭૯૧/– વસુલ લેવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૭૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૨૫૩ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૩.૧૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૬.૯૧ લાખ થયેલ છે.,૦૫ ભહ તથા ૦૩ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૦૬૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૨ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૪ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૯૬.૮૯૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૯ છે., વસુલ કરેલ તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૧૬૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૫૬૮૨ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૭૧ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૬૮૮ કરવામાં આવેલ છે. જયારે ૨૧ નોટીસ આપવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## રાખી મેળા–૨૦૧૫




મા.મુખ્યમંત્રીશ્રીની મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિતે રાખડી અને રાખડી સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને સીધેસીધુ બજાર મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૪/૮/'૧૫ થી તા.૨૯/૮/'૧૫ દરમ્યાન વિવિધ કુલ–૧૩ સ્થળોએ કુલ–૬૯ સ્ટોલની મહિલા જુથોને ફાળવણી કરી 'રાખી મેળા–૨૦૧૫'નું આયોજન કરવામાં આવેલ હતુ.

સુરત મહાનગરપાલિકા ધ્વારા મહિલા સશકિતકરણને ધ્યાને લઈ કરેલ રાખી મેળાના આયોજનને શહેરીજનો ધ્વારા ખુબ સારો પ્રતિસાદ મળેલ, 'રાખી મેળા–૨૦૧૫' અંતર્ગત મહિલા જુથો ધ્વારા રૂ. ૯,૮૦,૦૦૦ (અંકે રૂપિયા નવ લાખ એંસી હજાર)નું વેચાણ કરવામાં આવેલ છે. સુરત શહેરની જનતાએ મહિલા જુથોના રાખડી અને રાખડી સંબધિત ચીજવસ્તુઓના સ્ટોલ પરથી ખરીદ કરી મહિલા જુથોને સ્વરોજગારની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરેલ છે.



TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૮/૨૦૧૫ થી તા.૩૦/૦૮/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૯૧૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૨૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૩૭૪૨૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૨૭૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૧૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૧૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૪૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૯૬ એન્ટ્રીમાં રૂા.૪,૦૯,૨૯૯/– અને આર.સી.ની પર એન્ટ્રીમાં રૂા.૨,૧૧,૭૧૧/– મળી કુલ રૂા.૬,૨૧,૦૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૪૦, રીન્યુઅલની ૦૫ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૭ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૭ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

TOP

## સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## પ્રેસનોટ

## પ્રતિબંધિત પ્લાસ્ટીક વપરાશ અટકાયત ઝુંબેશ

સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાની મંજુરી મુજબ સમગ્ર સુરત શહેરમાં ચા–કોફી વેચાણ કરતી હોટલ / લારીઓ વિગેરે પર પ્લાસ્ટીકના કપના વપરાશ ઉપર તથા પાન/મસાલા વેચાણ કરતા ગલ્લા પર પ્લાસ્ટિક રેપરના વપરાશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

સુરત શહેરી વિસ્તારમાં હોટલ / લારીઓ / પાનના ગલ્લા દ્વારા પ્લાસ્ટીકના કપ / પ્લાસ્ટિક રેપરનો ઉપયોગ ન કરવામાં આવે તે અંગે આગામી તા.૦૧/૦૯/૨૦૧૫ થી તા.૧૫/૦૯/૨૦૧૫ સુધીના સમયગાળા માટે ઝોન લેવલે "ઓપરેશન હેલ્થ કેર" ની સ્કોર્ડ બનાવી ઘનિષ્ઠ ચેકીંગ કરવામાં આવનાર છે. આ અભિયાન દરમ્યાન જે હોટલો / લારીઓ / પાનના ગલ્લાઓ દ્વારા પ્લાસ્ટીકના કપ / પ્લાસ્ટિક રેપર નો ઉપયોગ કરવામાં આવતો હોવાનું માલુમ પડશે તો પ્રતિબંધિત પ્લાસ્ટિક ગ્લાસ / રેપરનો જથ્થો જપ્ત કરી, આવા ઈસમો પાસેથી નિયમોનુસાર વહીવટી ચાર્જ વસુલ કરી, શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવનાર છે.

TOP

–: પ્રેસનોટ :–

## સાઉથઝોન(ઉધના)

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

(૧)સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં ટી.પી.૨૧(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૪૩ માં આવેલ ગુરૂકૃપા ઈન્ડ. સોસા., પ્લોટ નં.૬૧૯ થી ૬૨૧ તથા ૬૨૫ માં સુરત મહાનગરપાલિકાની મંજુરી વગર ચાલતુ બાંધકામ અત્રે ધ્યાને આવતા અત્રેથી મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ. જે અન્વયે અત્રેથી તા.૩૧/૦૮/૨૦૧૫ ના રોજ આશરે કુલ ૩૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. તથા ચણતરકામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ તથા ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧,૭૫,૦૦૦/– તથા ડિપોઝીટ પેટે રૂા.૧,૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઝોન(ઉધના) શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## પૂર્વ ઝોન (વરાછા)
## સુરત મહાનગરપાલિકા

માનનીય કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશ તથા ડે.કમિશ્નરશ્રી હેલ્થ એન્ડ હોસ્પિ.ની સૂચના મુજબ નાયબ આરોગ્ય અધિકારી પૂર્વઝોન તથા પૂણા સીમાડાના માર્ગદર્શન હેઠળ તા.૦૧/૦૯/૨૦૧૫ ના રોજ પૂર્વ(વરાછા)ઝોનના વિવિધ વોર્ડ ઓફીસને લાગત વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો વપરાશ/ઉપયોગ/વેચાણ કરતા કુલ ૨૨૪ (બસો ચોવીસ) ઈસમો /સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી ૩૩ (તેત્રીસ)કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીક તેમજ ૧૩૩૦૦ નંગ પ્રતિબંધિત પ્લાસ્ટિકના કપ જપ્ત કરી કુલ રૂ.૨૩,૦૦૦/–(અંકે રૂપિયા તેવીસ હજાર પૂરા)વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.સદર કામગીરીમાં સેનિટેશન વિભાગના સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા ચાની લારીઓ /શાકભાજી/ફળોનુ વેચાણ કરતી માર્કેટો તથા પાન માવાનુ વચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે. આ ઉપરાંત જાહેર જનતાને પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા આરોગ્ય શિક્ષણ પણ આપવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૦૧.૦૯.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૦ ફાઈલના રૂા.૬.૦૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭લોકેશન(ખાડા)૩૫૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૨.૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા કુલ–૦૯ લોકેશન(ખાડા) ૨૭૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૨૦૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૩ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૩ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.ના નાણાં રૂા.૮,૧૯૨/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૨૧(ભેસ્તાન) ફા. પ્લોટ નં. ૪૩ ,પ્લોટ નં. ૬૩૯–૬૪૦ ,ગુરૂકૃપા ઈન્ડ સોસાયટી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ  તથા  આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૯૩ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૩૯૫ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૧૦.૦૨ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૮.૮૯ લાખ થયેલ છે.,૦૭ ભહ તથા ૦૩  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૮૦૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૫ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૫ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૧૯.૪૦૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૫ છે., વસુલ કરેલ તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૯૯૧૦ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૧૯૮૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૬ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૨૯૩ કરવામાં આવેલ છે. જયારે ૧૯ નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ.

**TOP**

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૧/૦૮/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૨૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૧૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૩૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૬૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૦૪ એન્ટ્રીમાં રૂા.૪,૦૭,૩૮૦/– અને આર.સી.ની ૬૧ એન્ટ્રીમાં રૂા.૧,૭૭,૮૫૫/– મળી કુલ રૂા.૫,૮૫,૨૩૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૨૪/૦૮/૨૦૧૫ થી તા.૩૦/૦૮/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૦,૯૪૦/–, વેસ્ટઝોન – રૂા.૪,૨૮૦/–, સાઉથઝોન – રૂા.૮,૮૨૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧૧,૫૪૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૫,૪૮૦/–, નોર્થઝોન – રૂા.૬,૦૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૬,૭૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૫૩,૮૧૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને માર્ગદશન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતાં કુલ ૯૦૩ ઈસમ / સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૬૦.૪૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૨૦૪૭૧ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૩૭.૦૫૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૧૦૫ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૬૨,૬૫૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ઘરવામાં આવશે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં તા.૧/૯/૧૫ના રોજ ડો. પરેશ દવે(એડીશનલ ડાયરેકટર(હેલ્થ),ગાંધીનગર)ના અધ્યક્ષસ્થાને વાહકજન્ય, પાણીજન્ય તથા સ્વાઈન ફલુ અંગે શહેરની પ્રવર્તમાન સ્થિતી અંગે મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ડો.દિનકર રાવલ(ડેપ્યુટી ડાયરેકટર), જયોર્જ કુરિયન(સ્ટેટ એન્ટોમોલોજીસ્ટ), ડો.હેમંત દેસાઈ(ડે.કમિશનર,હેલ્થ અને હોસ્પિટલ), તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી,ડો.કેશવ વૈષ્ણવ(ઈ.ચા.જંતુનાશક અધિકારી), જિલ્લા મેલેરિયા અધિકારી, તમામ ઝોનના આસી.જંતુનાશક અધિકારીઓ હાજર રહેલ હતા.

ઉપરોકત મિટીંગમાં એડીશનલ ડાયરેકટર,ડો. પરેશ દવેએ વાહકજન્યરોગો ખાસ કરીને ડેન્ગ્યુ રોગ અટકાયત માટે સોર્સ રિડકશન એટલે કે કેરબા,માટલાં જેવા નકામા પડતર સામાનના નિકાલ પર ખાસ ભાર મુકયો હતો. આ ઉપરાંત એક અઠવાડિયામાં સમગ્ર શહેરની તમામ મોટી જાહેર જગ્યાઓએ સર્વેલન્સ કરવાનું જણાવ્યું હતું. આ મિટીંગમાં ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવે વાહકજન્ય રોગો અંગેની પ્રવર્તમાન સ્થિતી અંગે પ્રેઝન્ટેશન રજુ કરેલ હતું. ઈ.ચા.આરોગ્ય અધિકારી ડો.કે.એ.શ્રોફએ વોટરબોર્ન ડીસીઝ અને સ્વાઈન ફલુ અંગે પ્રેઝન્ટેશન રજુ કરેલ હતું. આ મિટીંગમાં વાહક જન્ય રોગ નિયંત્રણ નીચે જણાવેલ બાબતો પર ચર્ચા કરવામાં આવેલ હતી.

અંદાજીત ૨૫૦ પ્રાયમરી હેલ્થ વર્કરોની નવી નિમણુક ટુંક સમયમાં થશે.

દર રવિવારે સુરત શહેરમાં હાઈરીસ્ક વિસ્તારોમાં ડ્રાય ડે તરીકે ઝુંબેશ ચલાવવામાં આવશે.

આંતરખાતાકીય સંકલન માટે કમિશનરશ્રીનાં અધ્યક્ષસ્થાને મિટીંગ કરવામાં આવશે.

સરકારી/અર્ધસરકારી અને ખાનગી સંસ્થાઓ સાથે સંકલન કરવામાં આવશે.

સોસાયટીના પ્રમુખ અને સેક્રેટરીને મેલેરિયા અને ડેન્ગ્યુ સંદર્ભે સેન્સીટાઈઝ કરવામાં આવશે.

હાલની ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા કામગીરી રજાના દિવસો દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવેલ છે.

૧૫ મી ઓગષ્ટ થી મેયરશ્રીના હસ્તે ટોલ ફ્રી ફીવર હેલ્પલાઈન ૧૦૪ નો આરંભ કરવામાં આવેલ છે.

તમામ શંકાસ્પદ/પોઝીટીવ કેસોના રહેઠાણ/કામધંધાના સ્થળોની આસપાસના વિસ્તારોમાં ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે અને ફોગીંગ સહિતના ઘનિષ્ઠ રોગ અટકાયતી પગલાઓ લેવામાં આવે છે.

લોકોમાં જનજાગૃતિ માટે વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં જયાં લોકોની વધુ અવર જવર હોય તેવી જગ્યાએ ડેન્ગ્યુની માહિતી આપતા ૨૮ હોર્ડીંગ મુકવામાં આવ્યા છે.

હોસ્પિટલો, દવાખાનાઓ, ડોર ટુ ડોર ગાર્બેજની ગાડીઓ વિ. પર ડેન્ગ્યુ રોગ વિષયક ૨૦૦૦ જેટલાં સ્ટીકરો વગાવવામાં આવેલ છે.

ડેન્ગ્યુ સહિતના મચ્છરજન્યરોગ વિષે લોકોમાં જાગૃતિ વધે તે માટે તા.૧૩/૮/૧૫ થી તા.૧૯/૮/૧૫ સુધી તમામ ઝોન વિસ્તારમાં ૩૫ જેટલી રીક્ષાઓ દ્વારા પ્રચાર કરવામાં આવેલ છે જે આગામી દિવસોમાં ચાલુ રાખવામાં આવશે.

દર શનીવારે મેડીકલ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવે છે, તેમાં મચ્છરોનું લાઈવ ડેમોસ્ટ્રેશન તથા લોકોને મેલેરીયા / ડેન્ગ્યુ જેવા રોગ માટે જાણકારી આપવામાં આવે છે.

ઘરે ઘરે મેલેરીયા / ડેન્ગ્યુ અંગેની માહિતી દર્શાવતી પત્રીકાનું વિતરણ કરવામાં આવે છે.

લોકલ ન્યુઝ ચેનલો પર મેલેરીયા–ડેન્ગ્યુની માહિતી દર્શાવતો સ્ક્રોલ મુકવામાં આવેલ છે.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મચ્છર જન્ય રોગોનું પ્રદર્શન કરી જનજાગૃતિના સતત કાર્યક્રમનું આયોજન અને અમલીકરણ કરવામાં આવ્યું છે.

સંવેદનશીલ વિસ્તારોમાં ઈન્ડોર રેસડયુઅલ સ્પ્રેઈંગની કામગીરી ૨૪૫ કામદારો રોકીને કરવામાં આવી રહી છે.

તમામ ઝોનમાં ફુટપાથ અને રેનબસેરામાં રહેતાં ઘરવિહોણાં ૨૮૧૫ જેટલાં લોકોમાં રાત્રિના સમયે ફીવર સર્વેલન્સની કામગીરી કરવામાં આવેલ છે.

TOP

ઓગષ્ટ મહિનામાં ૫૪૪૯ જેટલા મજુરોનું મેલેરીયા/ડેન્ગ્યુ માટે સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે, અને તેમાં મળેલ પોઝીટીવ કેસને રેડીકલ સારવાર આપવામાં આવેલ છે.

બાંધકામમાં કામ કરતાં મજુરોને મચ્છરદાનીમાં સુવા માટે બિલ્ડર/કોન્ટ્રાકટર દ્વારા દવાયુકત મચ્છરદાની પુરી પાડવા માટે જણાવવામાં આવેલ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનની અખબારી યાદી

## તા.૦૨/૦૯/૨૦૧૫

## માસ ઓગસ્ટ–૨૦૧૫ દરમ્યાન ઈમ્પેકટ ફી તથા આઈ.સી.નાં નાણાની રકમની વસૂલાત બાબત.

**સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોન તરફથી ગૃડા–૨૦૧૧ હેઠળ મંજુર થયેલ અરજીઓની ઈમ્પેકટ ફી વસુલ કરવાની કામગીરી સતત ચાલુ રાખવામાં આવેલ છે. તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ નાં પ્રથમ જ (ચાર) માસમાં જ ઈમ્પેકટ ફી પેટે રૂા.૭.૯૮ કરોડની રકમની વસુલાત કર્યા બાદ માસ ઓગસ્ટ–૨૦૧૫ માં પણ ઈમ્પેકટ ફી પેટે રૂા.૧.૮૭ કરોડની રકમની વસુલાત કરવામાં આવેલ છે. આમ, ઈમ્પેકટ ફી ની કુલ રૂા.૭૫.૨૬ કરોડની ડિમાન્ડ સામે તા.૩૧/૦૮/૨૦૧૫ સુધીમાં રૂા.૬૭.૧૧ કરોડની રકમની વસુલાત થયેલ છે. જે કુલ ડિમાન્ડનાં ૮૯.૧૭% થાય છે. ઈમ્પેકટ ફી ની વસુલાતની સાથોસાથ આઈ.સી.નાં નાણા પેટે પણ માસ ઓગસ્ટ–૨૦૧૫ દરમ્યાન રૂા.૮૭.૫૭ લાખની વસુલાત કરવામાં આવેલ છે. માસનાં અંતિમ સપ્તાહ દરમ્યાન વરાછા ઝોનનો મોટા ભાગનો વિસ્તાર અશાંતગ્રસ્ત હોવા છતાં પણ ઝોન કચેરી તરફથી ઈમ્પેકટ ફી તથા આઈ.સી. નાં નાણાની રીકવરીમાં નોંધપાત્ર કામગીરી કરવામાં આવેલ છે.**

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં આજ તા.૦૨/૦૯/૨૦૧૫ ના રોજ ટી.પી. રોડ પરનું દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી) ના બ્લોક નં. ૭૯ માં આવેલ રાધાકૃષ્ણ સોસાયટીમાં પ્લોટ નં. ૨૩, ૨૪, ૨૫ વગેરે ૧૨.૦૦ મી. ના ટી.પી. રોડમાં કપાતમાં જતા હતા. જેમાં ૧૧ જેટલી મિલ્કતોમાંથી ૫(પાંચ) જેટલી રહેણાંક હેતુની મિલ્કતો આવેલી હતી. જે અસરગ્રસ્તોને સુરત મહાનગરપાલિકા તરફથી માનસરોવર ખાતે બનાવવામાં આવેલ ઈ.ડબલ્યુ.એસ આવાસોમાં પુરાવા ના આધારે નિતિનિયમો મુજબ આવાસ ફાળવણી કરવામાં આવી હતી. ત્યારબાદ આજરોજ લિંબાયત ઝોનમાં શહેર વિકાસ અને દબાણ ખાતા દ્વારા સદરહુ અસરગ્રસ્તોની શિફટીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. શિફટીંગ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા ૧ જે.સી.બી મશીન, ૦૩ ટ્રક, દબાણના બેલદારો અને ખાનગી કોન્ટ્રાકટરોના બેલદારોની મદદથી ૧૨.૦૦ મી. નો ટી.પી. રોડમાં આવતી અસરગ્રસ્ત મિલ્કતો તોડીને દુર કરવામાં આવેલ. આ કામગીરીથી આશરે ૨૦૦૦ ચો.ફુટ રસ્તાની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી લિંબાયત ઝોનનાં ડેપ્યુટી ટાઉનપ્લાનર અને કાર્યપાલક ઈજનેરની દેખરેખમાં કરવામાં આવેલ.

TOP

## પ્રેસનોટ

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં.૧/એ તથા ૧/ડી માં આવેલ શિવાજી નગર ના કાચા–પાકા મકાનોને ૩૬.૦ મી. ટી.પી./ડી.પી. રોડને અસર થાય છે. સદર ૩૬.૦ મી. ટી.પી./ડી.પી. રોડ માં નડતરરૂપ મકાનોને અત્રેથી ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ ૧૯૯૯ ની કલમ ૪૮–અ, ૬૭, ૬૮ તથા ટાઉન પ્લાનીંગ રૂલ્સ ૧૯૭૯ ના રૂલ ૩૩ મુજબ કબ્જો દુર કરવાની નોટીસ પાઠવવામાં આવેલ. જે અન્વયે શિવાજી નગરનાં અસરગ્રસ્તો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એપ્લી.નં.૧૮૫૬૩/૨૦૧૧ તથા ૧૭૮૫/૨૦૧૨ થી સુરત મહાનગરપાલિકા વિરુધ્ધ દાવા પ્રકરણ કરવામાં આવેલ. સદર દાવા પ્રકરણ પેન્ડીંગ હોવાથી રસ્તો બોટલનેક થઈ જતો હોય પાણી, ડ્રેનેજ ની સુવિધા આપી શકાયેલ નહી તથા જાહેર જનતા માટે ટ્રાફીકની સમસ્યા ઉદભ્ભવેલ. શિવાજી નગરના અસરગ્રસ્તો દ્વારા પ્લોટની સામે પ્લોટની ફાળવવા માંગણી કરતા નગર રચના અધિકારીશ્રી તરફથી તે મુજબની તૈયારી દર્શાવવામાં આવેલ. આમ, શિવાજી નગરના કુલ–૭૦ અસરગ્રસ્તોને નગર રચના અધિકારીશ્રી તથા ટાઉન પ્લાનીંગ વિભાગની મંજુરીને આધિન પુનઃ રચના યોજના મુજબના ફા.પ્લોટ નં.૮૪, ૯૧, ૧૦૪, ૧૦૭ માં પ્લોટોની ફાળવણી માટે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે તા.૦૧/૦૯/૨૦૧૫ ના રોજ ડ્રો રાખવામાં આવેલ. ડ્રો દરમ્યાન અસરગ્રસ્તોને શિવાજી નગરની નજીકના પુનઃ રચના યોજના મુજબના ફા.પ્લોટ નં.૮૪, ૯૧, ૧૦૪, ૧૦૭ માં જુદી–જુદી સાઈઝના કુલ–૧૦૪ પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સી.એપ્લી.નં.૧૮૫૬૩/૨૦૧૧ તથા ૧૭૮૫/૨૦૧૨ પરત ખેંચ્યેથી અસરગ્રસ્તોને એલોટમેન્ટ લેટરની ફાળવણી કરવામાં આવશે. સદર પ્લોટો ની ફાળવણી અંગેના ડ્રો કરવાથી ૩૬.૦ મી. ટી.પી./ડી.પી. રોડ જાહેર જનતા માટે ખુલ્લો કરવા માટેનો માર્ગ મોકળો બન્યો છે. ૩૬.૦ મી. ટી.પી./ડી.પી. રોડ ખુલ્લો કર્યેથી જાહેર જનતા માટે પાણી, ડ્રેનેજની સુવિધા પુરી પાડી શકાશે તથા ટ્રાફીકની સમસ્યા હળવી કરી શકાશે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૦૨.૦૯.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૧ ફાઈલના રૂા.૨.૦૦ હજાર રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૬ લોકેશન(ખાડા)૨૭૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૬.૧૬૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા કુલ–૦૮ લોકેશન(ખાડા) ૩૫૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૬ લોકેશન ૨૪૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૩૯ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૬ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.ના નાણાં રૂા.૧,૧૬,૪૩૪/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૫૬(બમરોલી) બ્લોક નં. ૨૨૫, પ્લોટ નં.૯,૧૦ અને ૧૧ દેવીદર્શન સોસાયટી રેસીડન્સ ગેરકાયદેસર બાંધકામ ૭૦.૦૦ ચો.મી. માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૭૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૭૫૬ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૮.૨૩ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૯.૪૮ લાખ થયેલ છે.,૦૫ ભહ તથા ૦૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૭૬૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૫ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૧૨ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૯૯.૫૨૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૫ છે.,તથા ૧૩૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૩૪૨૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૭૫૬૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૨૩૧ કરવામાં આવેલ છે. જયારે ૧૫ નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૮૦૦/– વસુલ લેવામાં આવેલ.

TOP

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૦૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૩૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૩૬૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૨૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૨૯૦ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૫૬,૮૭,૩૦૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૯૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૦૦ એન્ટ્રીમાં રૂા.૪,૦૫,૪૪૮/– અને આર.સી.ની ૯૦ એન્ટ્રીમાં રૂા.૩,૦૩,૮૫૩/– મળી કુલ રૂા.૭,૦૯,૩૦૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૦૨ એન્ટ્રીમાં રૂા.૮૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 853
તા.૦૨/૦૯/૨૦૧૫

TOP

# <u>પ્રેસનોટ</u>
## <u>સુરત મહાનગરપાલિકા</u>

આજ તા. ૦૨–૦૯–૨૦૧૫ નાં રોજ મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને માર્ગદશન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૪૭૨ ઈસમ / સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૧૨૮.૩૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૪૭૨૭૮ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૫૭.૪૫૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૧૫૪ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૭૩,૮૦૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

વધુમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આ ઝુંબેશ દરમ્યાન ડો. જયંત પાઠક ઉદ્યાન પાસે આવેલ (૧) ટેસ્ટી ચાઈનીઝ (૨) અનિલ ફ્રેશ જયુસ નામની સંસ્થા આરોગ્યલક્ષી ખામીઓ જણાતા ઝોનનાં દબાણ વિભાગ ધ્વારા ઉચકાવી લેવામાં આવી છે. જયારે વરાછા ઝોનમાં (૧) શ્રી સાંઈ ઢોસા સેન્ટર (૨) શ્રી સાંઈ ટી સેન્ટર (૩) જલારામ પાન સેન્ટર પુણાગામ ખાતે આવેલ તેઓને આરોગ્યલક્ષી ખામીઓ જણાતા બંધ કરાવવામાં આવેલ છે તથા અઠવા ઝોનમાં (૧) સુદામા ટી એન્ડ પાન સેન્ટર, અલથાણ રોડ (૨) યાદવ પાન સેન્ટર, જીવકોરનગર રોડ માં સંસ્થામાં ગદંકી જણાતા બંધ કરાવવામાં આવેલ છે

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ધરવામાં આવશે.

:::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..................
તા. ૦૨–૦૯–૨૦૧૫ 854

TOP

:: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા

**સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૯/૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ**

TOP

## પ્રેસનોટ
## સુરત મહાનગરપાલિકા

આજ તા. ૦૩–૦૯–૨૦૧૫ નાં રોજ મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને માર્ગદશન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૩૦૦ ઈસમ / સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૭૮.૮૯૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૩૨૦૮૬ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૩૦.૫૫૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૯૩ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૫૭,૩૫૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

વધુમાં અઠવા ઝોન વિસ્તારમાં (૧) રાજેશ પાન સેન્ટર, પીપલોદ (૨) આશાપુરી પાન એન્ડ કોલ્ડીકસ, અંબિકા ઈન્ડ્. મેઈનરોડ (૩) આપેશ્વર પાન એન્ડ કોલ્ડીકસ, સ્વસ્તિક પાર્ક, અંબિકા ઈન્ડ્. ની સંસ્થામાં ગદંકી જણાતા બંધ કરાવવામાં આવેલ છે તથા વરાછા ઝોનમાં (૧) ભેરૂનાથ ટી સેન્ટર, ખોડીયાર નગર રોડ (૨) સોમનાથ ટી સેન્ટર, હાઈટેન્શન રોડ સંસ્થામાં ગદંકી જણાતા બંધ કરાવવામાં આવેલ છે

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ઘરવામાં આવશે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૦૩.૦૯.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૮ ફાઈલના રૂા.૪.૫૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૧૧ લોકેશન(ખાડા)૨૭૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૨.૭૬૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા કુલ–૦૯ લોકેશન(ખાડા) ૪૪૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૨૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૩૪ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૯ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.ના નાણાં રૂા.૧૭,૦૭૨/– વસુલ લેવામાં આવેલ તથા  ૨લડ પૈકીના દબાણમાં કુલ–૦૮ લારી ઉપાડવામાં આવેલ  તથા  આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૪૧૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૯.૨૧ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૯.૦૪ લાખ થયેલ છે.,૦૩ ભહ તથા ૦૪  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૪૦૩/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૧ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૪ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૧૧ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૯.૧૫૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૨ છે.,તથા ૩૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૨૯૨૭ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૬૫૪૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૨૬ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૨૦૯ કરવામાં આવેલ છે. જયારે ૧૧ નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૨૭૦૦/– વસુલ લેવામાં આવેલ.

**TOP**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આજ રોજ (તા.૦૩/૦૯/૨૦૧૫) નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧)ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર), ફાયનલ પ્લોટ નં.૧૩૧(કભધક)માં આશરે ૬૦ જેટલા કાચા–પાકાં ઝુંપડાઓનું દબાણ દૂર કરી આશરે–૯૫૭૨.૦૦ ચો.મી. પ્લોટનો પ્રત્યક્ષ કબ્જો લેવામાં આવેલ છે. જેના કારણે સામાજીક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોનાં આવાસ બનાવવાનો માર્ગ ખુલ્લો થયેલ છે.

(૨)ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ), ફાયનલ પ્લટો નં.૨૯૧માં આવેલ આઈ.એન.ટેકરાવાલા સ્કુલ, પાલનપુર પાટિયા પાસે સુરત મહાનગરપાલિકાની કોઈપણ જાતની પરવાનગી લીધા વગરનું ગેરકાયદેસર ત્રીજા માળ ઉપરનું લોખંડના ગર્ડર ચેનલ સહિતનું ૬૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૩)ગૃડા એકટ–૨૦૧૧ અન્વયે મંજુર થયેલ અરજીઓ પૈકીની બાકી રહેલ અરજીઓની ઈમ્પેકટ ફી વસુલાતની કાર્યવાહીના ભાગરૂપે પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારની અલગ અલગ–૦૫(પાંચ) જેટલી કોમર્શીયલ મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી કરી સ્થળ ઉપર પ્રત્યક્ષ કુલ રૂા.૭,૮૬,૩૧૦/– ઈમ્પેકટ ફી વસુલાત કરવામાં આવેલ છે. બાકી રહેલ અન્ય અરજીઓની વસુલાતની કામગીરી પણ આ મુજબ પ્રગતિમાં રાખવામાં આવનાર છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૦૯/૨૦૧૫ ના રોજ અંદાજિત રૂા.૧૧૦.૬૦ કરોડના ખર્ચે વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્તવિધિ /લોકાર્પણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને તથા ખાતમુહૂર્તકર્તા માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, રમત–ગમત, યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ(સ્વતંત્ર હવાલો), જળસંપતિ(કલ્પસર સિવાય),શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ),ગુજરાત રાજય શ્રી નાનુભાઈ વાનાણી અને માન.સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ લોકાર્પણકર્તા શ્રી માન. અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી અને માન.અધ્યક્ષશ્રી,પાણી સમિતિ શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ ના વરદ્હસ્તે રાખવામાં આવેલ છે.

સાંજે ૦૪:૦૦ કલાકે કતારગામ ઝોન વિસ્તારમાં અમરોલી કોસાડ રોડ,ક્રોસ રોડ જંકશન નજીક,અમરોલી,સુરત ખાતે માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, રમત–ગમત, યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ(સ્વતંત્ર હવાલો), જળસંપતિ(કલ્પસર સિવાય),શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ),ગુજરાત રાજય શ્રી નાનુભાઈ વાનાણી અને માન.સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ ના વરદ્હસ્તે અમરોલી જંકશન,માનસરોવર જંકશન અને ક્રોસ રોડ ઉપર ફલાય ઓવર બ્રિજનું ખાતમુહૂર્તવિધિ કરવામાં આવશે

સાંજે ૦૫:૦૦ કલાકે ઉધના ઝોન વિસ્તારમાં જાહેર સમારંભ સ્થળ નીલગીરી ગ્રાઉન્ડ,નીલગીરી રોડ, લિંબાયત,સુરત ખાતે થી માન.સાંસદશ્રી સી.આર.પાટીલ અને માન.ધારાસભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન પાટીલ ના વરદ્હસ્તે ઉધના રેલ્વે કન્વેટ નંબર ૪૩૭ નજીક ઉધના–લિંબાયતને જોડતા રેલ્વે ઓવર બ્રિજનું ખાતમુહૂર્તવિધિ કરવામાં આવશે તથા જય નર્મદ નગર સોસયટી, ભટાર ટેનામેન્ટની પાછળ (અલથાણ – ભટાર ), સુરત ખાતે આવેલ શાંતિકુંજનું માન.અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી ના વરદ્હસ્તે લોકાર્પણવિધિ` તેમજ સંજર નગરની બાજુમાં,ઉન સુએઝ પમ્પીંગ સ્ટેશનની બાજુમાં, સચીન–મગદલ્લા હાઈવે પાસે,ઉન,સુરત ખાતે આવેલ અને લિંબાયત ઝોન વિસ્તારમાંપૂણા તળાવ પાસે બોરડા–ફાર્મની સામે,પૂણા તળાવની બાજુમાં,પૂણા ગામ,સુરત ખાતે આવેલ ઓવર હેડ ટાંકી ભકચઢકભઢપ તેમજ ભણ૬ભટ નું માન.અધ્યક્ષશ્રી,પાણી સમિતિ શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ ના વરદ્હસ્તે લોકાર્પણવિધિ કરવામાં આવશે.

પંડિત શ્યામજી કૃષ્ણવર્મા તાપી પુલ ઉપરના હયાત પુલ પરથી અમરોલી જંકશન,માનસરોવર જંકશન તથા ક્રોસ રોડ જંકશન ક્રોસ કરી બે લેન ચડતો તથા બે લેન ઉતરતો બ્રિજ તેમજ ક્રોસ રોડ જંકશન તથા અમરોલી જંકશન થી અમરોલી પુલ થઈ કતારગામ તરફે જવા–આવવા માટે બે મુખ્ય ફલાય ઓવરની બંન્ને બાજુથી ચડતા ઉતરતા રેમ્પના અયોજનથી સુરત શહેરમાં આવતા જતા ટ્રાફિકમાં સરળતા થશે. ઉધના સ્ટેશનની દક્ષિણે ઉધનાથી લિંબાયત તરફ જવા આવવા માટે રેલ્વે ઓવર બ્રિજના આયોજનથી પણ ટ્રાફિકમાં સરળતા રહેશે. તેમજ ભારે વરસાદ દરમ્યાન પણ આ રેલ્વે ઓવર બ્રિજ નો ઉપયોગ કરી શકાશે.અઠવા ઝોન વિસ્તારમાં શાંતિકુંજના લોકાર્પણથી સદરહું વિસ્તારના વરિષ્ઠ નાગરિકોને આરામ તથા શાંતિ માટેની સુવિધા પ્રાપ્ત થશે.ઓવર હેડ ટાંકીના લોકાર્પણથી ટી.પી.સ્કીમ નં.૨૦ (પાર્ટ) પુણા તથા ટી.પી.સ્કીમ નં.૧૧(પાર્ટ) પુણા તથા પુણા ગામતળનો વિસ્તાર તેમજ ઉધના ઝોનમાં નવા સમાવિષ્ટ વિસ્તાર પૈકી ટી.પી.સ્કીમનં. ૫૯ (ઉન) પૈકી,ટી.પી. સ્કીમનં.૬૭ (જીયાવ–સોનારી ગભેણી ) પૈકી તથા ગભેણી ગામતળ વિસ્તારના નાગરિકોને સ્વચ્છ પીવાના પાણીની સુવિધા પ્રાપ્ત થશે.

આ પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

TOP

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૯૪૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૬૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૫૬૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૭૩,૭૪,૮૦૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૫૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૮૪ એન્ટ્રીમાં રૂા.૩,૬૦,૦૦૧/– અને આર.સી.ની ૬૬ એન્ટ્રીમાં રૂા.૩,૬૪,૧૭૮/– મળી કુલ રૂા.૭,૨૪,૧૭૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧૮૦/–, રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૮૪૦/– અને દંડની રકમની ૧૭ એન્ટ્રીમાં રૂા.૫,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

દબાણ ખાતા ધ્વારા ૧૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા અને ગુજરાત મ્યુ. ફાયનાન્સ બોર્ડના સંયુકત ઉપક્રમે ગુજરાત મ્યુ. ફાયનાન્સ બોર્ડ દ્વારા સુરત મહાનગરપાલિકા અને દક્ષિણ ગુજરાતની નગરપાલિકાઓને આપવામાં આવતી ગ્રાંટ હેઠળ મુખ્ય વિકાસના કામોની યોજનાઓની સમીક્ષા બેઠક આજરોજ તા. ૦૩/૦૯/૨૦૧૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાધારણ સભા હોલમાં યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં ડેપ્યુટી કમિશનરશ્રી (ફાયનાન્સ)એ સર્વેને આવકાર્યા હતા. બોર્ડના અધ્યક્ષશ્રી ધનસુખભાઈ ભંડેરી, મા. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મ્યુ. કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, ગુજરાત મ્યુ. ફા. બોર્ડના સભ્યશ્રી જગદીશભાઈ પારેખ, આસી. ડાયરેકટરશ્રી આર. બી. પટેલ ઉપસ્થિત રહયા હતા. મ્યુ. કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ પોતાના ઉદ્દબોધનમાં સુરત મહાનગરપાલિકાના વિકાસના કામો વધુ ઝડપથી બનાવવા ખાતરી આપી હતી. મા. મેયરશ્રીએ પોતાના ઉદ્દબોધનમાં પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા સંનિષ્ઠ સંકલન સાધી વિવિધ વિકાસના કામો ઝડપભેર પૂર્ણ કરી રાજયમાં એક ઉમદા ઉદાહરણરૂપ કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત મ્યુ. ફાયનાન્સ બોર્ડના અધ્યક્ષશ્રી ધનસુખભાઈ ભંડેરીએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યુ હતું કે, મહાનગરપાલિકાઓ પૈકી સુરત મહાનગરપાલિકા હરણફાળ વિકાસ ભરતી મહાનગરપાલિકા તરીકે દક્ષિણ ગુજરાતની અન્ય નગરપાલિકાઓને ઉદાહરણ પૂરુ પાડયું છે. દક્ષિણ ગુજરાતની ૨૦ નગરપાલિકાઓના પ્રમુખ, ઉપપ્રમુખ, ચીફ ઓફિસર વિગેરે ઉપસ્થિતો પાસે પાલિકા દીઠ કામોનો રીવ્યુ લીધો હતો અને ફાળવેલ ગ્રાંટ પૈકી વણવપરાયેલ રકમનો ઝડપથી ઉપયોગ કરી લોકાભિમુખ કાર્યો સમયસર પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો. તથા વહીવટી પ્રક્રિયામાં આવતી અડચણો દૂર કરવા મહત્તમ પ્રયાસો કરવા ખાતરી આપી હતી. નગરપાલિકાના હાજર રહેલ પ્રતિનિધિઓએ પણ તેઓને પડતી વિવિધ મુશ્કેલીઓની રજુઆત કરી હતી. અધ્યક્ષશ્રીએ આ તમામ રજુઆતો અંગે સકારાત્મક ઉકેલ માટે પગલાં લેવા ખાતરી આપી હતી.

TOP




સુરત મહાનગરપાલિકા અને ગુજરાત મ્યુ. ફાયનાન્સ બોર્ડના સંયુકત ઉપક્રમે યોજાયેલ મુખ્ય વિકાસના કામોની સમીક્ષા બેઠકમાં ઉદ્‌બોધન કરતા ગુજરાત મ્યુ. ફાયનાન્સ બોર્ડના અધ્યક્ષશ્રી ધનસુખભાઈ ભંડેરી, મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવો દ્રશ્યમાન છે.

પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સરથાણા નેચરપાર્ક–ઝુ** |

## સરથાણા નેચરપાર્ક ખાતે પાંજરામાં રાખવામાં આવેલ વૃધ્ધ વાઘણ નામે મોઘીની નાતંદુરસ્ત હાલત.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા પ્રાણી સંગ્રહાલયને ખુલ્લું મુકવાના ભાગરૂપે એપ્રિલ–૨૦૦૨ માં ૦૨ (બે) વાઘણો નામે મોઘી અને રિધ્ધિ રાજકોટ ઝુ માંથી મેળવવામાં આવેલ હતી, પૈકી મોઘીનો જન્મ રાજકોટ ઝુ ખાતે તા. ૨૬/૦૬/૧૯૯૬ ના થયેલ હતો. મજકુર વાઘણ નામે મોઘીની હાલ ઉંમર ૧૯ વર્ષ થી વધુ થઈ જતા તેમની રોજીંદી હલન – ચલન, વ્યવહાર અને ખોરાક લેવામાં ખાસ્સો ફેરફાર જોવા મળેલ છે. આ જાનવરની હલન – ચલન ઓછી થતા અને વિશ્રામકક્ષમાં વધારે સમય એક બાજુએ બેસી રહેવાના કારણે શરીરની ચામડી ઉપર વિવિધ જગ્યા એ જખમો ટખભ્મ(:ચ્મ(૯ થયાનું ધ્યાને આવેલ, જેની ઘનિષ્ટ સારવાર કરવામાં આવી રહેલ છે. તેમ છતાં જાનવરનું આયુષ્ય પુરુ થઈ જતા તબિયતમાં કોઈ ખાસ સુધારો જણાઈ આવેલ નથી. વાઘણે છેલ્લા (૨) બે દિવસથી ખોરાક લેવાનું પણ બંધ કરી દીધેલ હોય જાનવરને પ્રવાહી ઉપચાર આપવામાં આવી રહેલ છે. જે પ્રાણી સંગ્રહાલય ખાતાએ એક યાદીમાં જણાવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં આજ તા.૦૪/ ૦૯/૨૦૧૫ ના રોજ ટી.પી. રોડ માં નડતરરૂપ / અસરગ્રસ્ત મગદુમનગર રેલ્વે ટ્રેકને લાગુ ઝુંપડપટ્ટી શીફટીંગ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ .

લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ફાયનલ ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) સ્થિત ૧૨.૦ મી. ટી.પી.રોડમાં નડતરરૂપ / અસરગ્રસ્ત રેલ્વે ટ્રેકને લાગુ મગદુમનગર ઝુંપડપટ્ટી આવેલ છે. સદર ટી.પી. રોડમાં અંદાજે ૧૨૧ ઝુંપડાઓને અસર થાય છે.સદરહુ ઝુંપડાઓને કારણે જાહેર જનતા માટે ટ્રાફિકની સમસ્યા ઉદભવેલ. જે અન્વયે અસરગ્રસ્ત ઝુપડાવાસીઓ દ્વારા રજુ કરેલ પુરાવાઓ ચકાસી સુરત મહાનગરપાલિકા દ્વારા નકકી થયેલ નિતિનિયમો મુજબ કુલ –૭૧ લાભાર્થીઓને વૈકલ્પિક વ્યવસ્થા પેટે આવાસ ફાળવણી અન્વયે ડ્રો કરવામાં આવેલ.સદરહું લાભાર્થીઓને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૩૯( ઉધના–લિંબાયત) ફા.પ્લોટ નં. ૪૧, આર–૨૧ કમરૂનગર (સુમન – અનમોલ) ખાતે આવાસ ફાળવણી કરવામાં આવેલ. ત્યારબાદ આજરોજ લિંબાયત ઝોન ના ટેકનીકલ સ્ટાફ તેમજ દબાણ ખાતાના સ્ટાફની મદદથી સદરહુ અસરગ્રસ્તોની શિફટીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી દરમ્યાન લિંબાયત ઝોનનાં ડેપ્યુટી ટાઉનપ્લાનર,ડેપ્યુટી ઈજનેર ,આસી. ઈજનેર,આસી.ટાઉન પ્લાનર તેમજ ૫૦ થી વધુ દબાણના અને ખાનગી કોન્ટ્રાકટરોના બેલદારો સહિત ૧૦ ટેમ્પો, ૧ જે.સી.બી મશીનની મદદથી ૧૨.૦ મી. ટી.પી. રોડમાં અસરગ્રસ્ત ઝુંપડાઓના શીફટીંગની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.આ કામગીરીથી અંદાજે ૩૫૦૦ ચો.ફુટ જગ્યા જાહેર જનતા માટે ખુલ્લી કરવામાં આવશે.

TOP

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૯/૦૮/૧૫ થી તા.૦૪/૦૮/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૧૩ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૮ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૬ |

TOP

## પ્રેસનો ટ

## સુરત મહાનગરપાલિકા

આજ તા. ૦૪–૦૯–૨૦૧૫ નાં રોજ મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને માર્ગદશન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની  ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૯૮૨ સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૬૫.૨૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૨૬૭૮૭ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૨૮.૨૫૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૨૫૯ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૫૩,૭૫૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

વધુમાં અઠવા ઝોન વિસ્તારમાં (૧) સોમનાથ મંછુદર (શાકભાજી) ગોકુલમ ડેરી પાસે (૨) પાનનો ગલ્લો, પંડીત રાજેન્દ્પ્રસાદ, જાની ફરસાણની બાજુમાં  (૩)  રાજેન્દ્ પાન સેન્ટર, ગૌરવ પથ, પીપલોદ (૪) સંગમ પાન સેન્ટર, રાધાકૃષ્ણ ઈન્ડ્સ્ટીયલ પાસે, ઉધના મગદલ્લા રોડની સંસ્થામાં ગંદકી જણાતા બંધ કરાવવામાં આવેલ છે, વરાછા ઝોનમાં ચાઈનીઝ લારી, પરેશભાઈ ગોબરભાઈ હડીયા, આઈમાતા રોડ સંસ્થામાં ગદંકી જણાતા બંધ કરાવવામાં આવેલ છે તથા ઉધના ઝોનમાં (૧) જય ગુરૂદેવ ટી સેન્ટર, રાહુલ મગનભાઈ પાંડે, ભેદવાડ (૨) મા કૃપા ટી સેન્ટર, શીવનગર, બમરોલી સંસ્થામાં ગદંકી જણાતા બંધ કરાવવામાં આવેલ છે. આમ, કુલ ૦૭ સંસ્થાઓમાં આરોગ્યક્ષતિઓ જણાતા બંધ કરાવવામાં આવેલ છે.

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ઘરવામાં આવશે.

TOP

## પ્રેસનોટ

કતારગામ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ જે.પી.નગર–૧ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪, જે.પી.નગર–૨ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪, આનંદનગર–૧ ના માન્ય યાદીના–૦૪, આનંદનગર–૨ ના માન્ય યાદીના–૦૬, નવુરાજીવનગરના માન્ય યાદીના–૦૪, જુનુ રાજીવનગરના માન્ય યાદીના–૦૩, મગન વલ્લભની વાડીના માન્ય યાદીના–૦૧, જનતાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, સંજયનયગર–૨ ના માન્ય યાદીના–૦૨, રાજીવનગર(અમરોલી)ના માન્ય યાદીના–૦૧ મળી કુલ–૨૭ લાભાર્થીઓને ટી.પી.૬૯(ગોડાદરા–ડીંડોલી), ફા.પ્લોટ નં. ૧૮૧, આર–૭ ખાતે(૨ લાભાર્થીઓ), વડોદ રે.સ.નં. ૧૨ ખાતે (૧ લાભાર્થી), મોજે જહાંગીરાબાદ બ્લોક નં. ૨૪૩ પૈકી ખાતે(૧ લાભાર્થી), ટી.પી.સ્કીમ નં. ૪૭(ભેસ્તાન), ફા.પ્લોટ નં. આર–૬ ખાતે(૧૨ લાભાર્થીઓ) તથા મોજે કોસાડ પ્લોટ નં. એચ–૧ થી એચ–૫ ખાતે (૧૧ લાભાર્થીઓ)ને સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘ્દગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૦૩.૦૯.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે કતારગામ ઝોન ઓફિસ ખાતે સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિના ચેર પર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણ તથા નોર્થ ઝોન (કતારગામ) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૮/૦૮/૨૦૧૫ થી તા.૦૩/૦૯/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૧૬૫૬ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૪૦૦ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૩૭૫ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૧ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૭૮ સ્ત્રીઓની પ્રસૃતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૧૯૨ મેજર ઓપરેશનો તથા ૧૫૭ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૩૦૪૨, સોનોગ્રાફી ૬૧૯, એમ.આર.આઈ. ૧૪૧ તથા સીટી સ્કેન ૧૧૩ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૮૨ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૬૭ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૩૨૬૦૩ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૧૬૬ દર્દીઓ તથા નવા ૪૯ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૦૪.૦૯.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૫ ફાઈલના રૂા.૩૧.૦૦ હજાર રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૧૨ લોકેશન(ખાડા)૫૧૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૧.૭૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા કુલ–૦૫ લોકેશન(ખાડા) ૨૩૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૧૯૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૩૮ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૮ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.ના નાણાં રૂા.૬૪,૭૦૫/– વસુલ લેવામાં આવેલ તથા  ૨લ૬ પૈકીના દબાણમાં કુલ–૦૬ લારી ઉપાડવામાં આવેલ  તથા  આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૯૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૧૨.૦૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૯.૫૫ લાખ થયેલ છે.,૦૪ ભહ તથા ૦૨  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૩૪૨/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૫ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૧.૯૬૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૭ છે.,તથા ૬૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૨૭૪૫ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૬૫૭૬ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૨૬ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૨૦૪ કરવામાં આવેલ છે. જયારે ૧૬ નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૨૭૦૦/– વસુલ લેવામાં આવેલ.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## ˙સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯,૦૪૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૩૧૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૮૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૩૫૮ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૫૮,૪૦,૮૭૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૩૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૦૯ એન્ટ્રીમાં રૂા.૪,૧૮,૦૬૭/– અને આર.સી.ની ૧૨૧ એન્ટ્રીમાં રૂા.૪,૫૬,૧૩૮/– મળી કુલ રૂા.૮,૭૪,૨૦૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૦૪ એન્ટ્રીમાં રૂા.૨૪૦/– અને દંડની રકમની ૦૫ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

દબાણ ખાતા દ્વારા ૧૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૯/૦૮/૨૦૧૫ થી તા.૦૪/૦૯/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ–ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન (ઉધના), વેસ્ટઝોન (રાંદેર) તથા સાઉથ વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૨,૫૮૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૨,૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૨૮.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૬૮.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ– ૧૨ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૪૭,૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ ૦૩ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૨૪૧૧૦ અને ૭૮૨૪ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૩,૩૪,૮૦૦/– અને રૂા.૩,૧૩,૬૪૦/– રકમ મળી કુલ રકમ રૂા.૬,૪૮,૪૪૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૯/૨૦૧૫ ના રોજ અંદાજિત રૂા.૧૧.૭૯ કરોડના ખર્ચે રાંદેર ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્તવિધિ /લોકાર્પણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને તથા ખાતમુહૂર્તકર્તા માન. દંડકશ્રી,ગુજરાત સરકાર,શ્રી અજયકુમાર ચોકસી અને માન.ધારાસભ્યશ્રી, શ્રી પૂર્ણેશભાઈ મોદી તેમજ લોકાર્પણકર્તા શ્રી માન. અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી, માન.અધ્યક્ષશ્રી,લાઈટ અને ફાયર સમિતિ શ્રી ભવાનભાઈ સીસારા અને માન.અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્દહસ્તે રાખવામાં આવેલ છે.

સવારે ૦૯:૦૦ કલાકે રાંદેર ઝોન વિસ્તારમાં જહાંગીરપુરા પેટ્રોલ પંપથી વરિયાવ તરફના રોડ પર આશિષ રો–હાઉસની બાજુમાં ટી.પી.સ્કીમ નં.૪૬ (જહાંગીરપુરા),ફા.પ્લોટ નં.૯૩,જહાંગીરપુરા,સુરત ખાતે માન. અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી ના વરદ્દહસ્તે ગાર્ડનના વિકાસના કામનું ખાતમુહૂર્તવિધિ કરવામાં આવશે

સવારે ૦૯:૩૦ કલાકે પાલનપોર જકાતનાકાથી નહેર તરફના રોડ પર,રાજહંસ એપલ એપાર્ટમેન્ટની બાજુમાં, ટી.પી.સ્કીમ નં.૯ (પાલનપોર–ભેંસાણ),ફા.પ્લોટ નં.૧૬૫ તથા ટી.પી.સ્કીમ નં.૮ (પાલનપોર),ફા.પ્લોટ નં.૧૨૮,સુરત ખાતે માન. અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી ના વરદ્દહસ્તે ગાર્ડનના વિકાસના કામનું ખાતમુહૂર્તવિધિ કરવામાં આવશે

સવારે ૧૦:૦૦ કલાકે ટી.પી.સ્કીમ નં.૯ (પાલનપોર),ફા.પ્લોટ નં.૧૫૭,સુરત ખાતે માન.અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્દહસ્તે ફાયર સ્ટેશન તથા સ્ટાફ ક્વાર્ટસનું લોકાર્પણ કરવામાં આવશે

સવારે ૧૦:૧૫ કલાકેઃ–ટી.પી.સ્કીમ નં.૧૪ (પાલ),ફા.પ્લોટ નં.૪૮–૫૦ અને ફા.પ્લોટ નં. ૧૬૫–૧૨૭, વચ્ચેના (ગેલેક્ષી સર્કલ જંકશન થી પાલ તળાવ જંકશન સુધીના) કેનાલ રોડને લાગુ જગ્યામાં,સુરત ખાતે માન.અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્દહસ્તે ફાયર સ્ટેશન તથા સ્ટાફ લીનીયર પાર્કનું લોકાર્પણ કરવામાં આવશે

સવારે ૧૦:૩૦ કલાકેઃ–દિવ્યપ્રભા સોસાયટીની પાછળ,શ્રેણિક પાર્ક સોસાયટીની બાજુમાં,ટી.પી.સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ),ફા.પ્લોટ નં.૯ ના પ્લોટમાં,સુરત ખાતે માન. અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી ના વરદ્દહસ્તે વોક–વે,પાર્કિંગ,ગઝેબો સહિતના શાંતિકુંજના વિકાસના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવશે

સવારે ૧૧:૦૦ કલાકે ગુજરાત ગેસ સર્કલ,અડાજણ રોડ,સુરત ખાતે માન. દંડકશ્રી,ગુજરાત સરકાર,શ્રી અજયકુમાર ચોકસી અને માન.ધારાસભ્યશ્રી, શ્રી પૂર્ણેશભાઈ મોદી ના વરદ્દહસ્તે ગુજરાત ગેસ સર્કલ અને સરદાર બ્રિજ નીચે બ્યુટીફિકેશનની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવશે

સુરત શહેરનો વિકાસ ખુબ જ ઝડપથી થઈ રહેલ છે.સુરત શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમના ઝડપી અમલીકરણ તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કારણે આ વિસ્તારની મહદઅંશે રહેણાંક વિસ્તાર તરીકે વિકાસ થવાથી આ વિસ્તારમાં વસ્તી ખૂબ જ વધી ગયેલ છે.તેમજ હજીરા વિસ્તારમાં આવેલ ઔધોગિક સંકુલો જેવા કે,રિલાયન્સ,એલ એન્ડ ટી.,એસ્સાર,એન.ટી.પી.સી.,ક્રિભ્કો વિ.ના કારણે મલ્ટી એકસલ વ્હીકલનો ટ્રાફિક ખૂબ જ રહે છે પશ્ચિમ ઝોન વિસ્તારને મુખ્ય શહેર સાથે જોડતા સરદાર પુલ તાપી નદી પર હયાત છે તે પૈકી અડાજણ વિસ્તારને અઠવાલાઈન્સ તથા રીંગરોડને જોડતા સરદાર પુલ પર ટ્રાફિકનું ભારણ ખૂબ જ રહે છે.તેમજ લોઅર રેમ્પ (રીવર બ્રીજ રેમ્પ) તથા અપર રેમ્પ (ફલાય ઓવર રેમ્પ) તરફથી આવતા ટ્રાફિકના મર્જીંગના કારણે સરદાર પુલ પર ટ્રાફિક જામ થાય છે.જેના કારણે વાતાવરણના પ્રદુષણની માત્રામાં વધારો થાય છે.હાલનો સુરતનો વિકાસનો દર જોતાં,ભવિષ્યમાં ટ્રાફીકની સમસ્યામાં વધારો થશે તેમ જણાય છે.સદર સમસ્યાના નિરાકરણ માટે તાપી નદી પર અઠવાલાઈન્સ થી અડાજણ વિસ્તારને જોડતો સરદાર વલ્લભભાઈ પટેલ બ્રીજને બંને બાજુ વાઈડનીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.જેનું સવારે ૧૧:૧૫ કલાકે જાહેર સમારંભ સ્થળ સરિતા સાગર સંકુલ,સ્વામી નારાયણ મંદિર પાસે,સરદાર વલ્લભભાઈ પટેલ બ્રિજ નીચે,અડાજણ,સુરત ખાતે માન. દંડકશ્રી,ગુજરાત સરકાર,શ્રી અજયકુમાર ચોકસી અને માન.ધારાસભ્યશ્રી, શ્રી પૂર્ણેશભાઈ મોદી ના વરદ્દહસ્તે સરદાર બ્રિજને સિકસ લેન કરવાના કામનું ખાતમુર્હત કરવામાં આવશે

આ પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યુ નિમંત્રણ છે.

TOP

# પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં સમાવિષ્ટ ભીમનગર JnNURM-BSUP Redevelopment યોજનામાં નડતરરૂપ ભીમનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૪૪ લાભાર્થીઓને ઉધના રે.સ.નં. ૧૫૦ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા ભીમનગર JnNURM-BSUP Redevelopment યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૦૪.૦૯.૨૦૧૫ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કોમ્યુનીટી હોલ, ખટોદરા, સાઉથ ઝોન ખાતે, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણ તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિના ઉપાધ્યક્ષ શ્રી અરવિંદભાઈ રવજીભાઈ મારૂ તથા મ્યુનિસિપલ સભ્ય શ્રી મુલજીભાઈ માધવજીભાઈ ઠકકર તથા સાઉથ ઝોન (ઉધના) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

પ્રેસનોટ નં. ૬ 7 2
તા.૦૪ – ૦૯ – ૨૦૧૫
જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકા

\\10.65.2.39\d\S.R.Panchal.\Press note Draw - 19.03.15 SZ Copy.doc

TOP

# -: પ્રેસનોટ :-

હાલમાં સુરત શહેર તથા તેના આજુબાજુનાં વિસ્તારનાં સ્વાઇન ફલુના દર્દીઓ પ્રાઇવેટ હોસ્પીટલોમાં દાખલ થતા હોય છે. જેથી તેઓને સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ માર્ગદર્શક સુચનાઓ આપવા માટે તા.૦૪-૦૯-૨૦૧૫ શુક્રવારનાં રોજ બપોરે ૩-૦૦ કલાકે ડે. કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ની અધ્યક્ષતામાં નવા સ્થાયી સમિતિ ખંડમાં મીટીંગમાં ફીજીશ્યન એસોસીએશન, જનરલ પ્રેકટીશ્નર એસોસીએશન, ફેમીલી ફીઝીશ્યન એસોસીએશન, પેથોલોજીસ્ટ એસોસીએશન, કતારગામ વેડરોડ ડોકટર એસોસીએશનનાં પ્રતિનિધિઓ તથા શહેરની વિવિધ હોસ્પીટલોનાં એડમીનીસ્ટ્રેટર, આર.એમ.ઓ. સાથે રાખવામાં આવેલ. જેમાં સ્વાઇન ફલુ અંગેની એ, બી-૧, બી-૨, સી કેટેગરી તેમજ સારવાર બાબતે વિસ્તૃત ચર્ચા કરેલ છે.

સદર મીટીંગમાં જરૂરી સુચનાઓ આપી જેવી કે, ખાનગી અને સરકારી દવાખાનાઓ અને હોસ્પિટલોમાં આવતા બી અને સી કેટેગરી ના તમામ શંકાસ્પદ H1N1ના દર્દીઓને પ્રથમ દિવસથી જ તાત્કાલિક એંન્ટી વાયરલ દવા આપવી, આઇસોલેશન વોર્ડ ન હોય તેવી હોસ્પિટલ એ દર્દી ને દાખલ કરવું નહી, સ્વાઈન ફ્લુનાં દર્દીની સારવારમાં રોકાયેલ હોસ્પીટલના તમામ સ્ટાફને રાખવાની થતી તકેદારીનું પાલન કરવાનું રહેશે તથા વેન્ટીલર પર સારવાર હેઠળનાં દર્દીઓને અન્ય હોસ્પીટલ ખાતે શીફટ કરવા નહી.

વધુમાં સ્મીમેર તથા નવી સીવીલ હોસ્પીટલ ખાતે સ્વાઇન ફલુની અલાયદી ઓ.પી.ડી. ચાલુ કરવામાં આવી છે તેમજ આ હોસ્પીટલ તથા તમામ શહેરી આરોગ્ય કેન્દ્રો તથા માન્ય કરેલા મેડીકલ સ્ટોર્સ ખાતે ટેમીફલુ દવાનો સ્ટોક ઉપલબ્ધ છે. આગામી તા. ૦૯/૧૦ સપ્ટેમ્બર દરમ્યાન સુરત શહેરનાં તમામ ઘરોમાં સ્વાઇન ફલુ તથા ડેંગ્યુનાં રોગ અંગેનુ સર્વેલન્સ હાથ ધરવામાં આવશે.

::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
04 SEP 2015
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં. 873

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની અવિરત વિકાસયાત્રા સંદર્ભે આજરોજ તા.૦૪/૦૯/૨૦૧૫ ના રોજ અંદાજિત રૂા.૧૧૦.૬૦ કરોડના ખર્ચે વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ /લોકાર્પણવિધિ નો કાર્યક્રમ યોજવામાં આવેલ.

કતારગામ ઝોન વિસ્તારમાં અમરોલી કોસાડ રોડ,ક્રોસ રોડ જંકશન નજીક,અમરોલી,સુરત ખાતે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને તથા માન.સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ ના વરદ્હસ્તે અમરોલી જંકશન,માનસરોવર જંકશન અને ક્રોસ રોડ ઉપર ફલાય ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ તથા લિંબાયત ઝોન વિસ્તારમાં જય નર્મદ નગર સોસયટી, ભટાર ટેનામેન્ટની પાછળ (અલથાણ – ભટાર ), સુરત ખાતે આવેલ શાંતિકુંજનું માન.અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી ના વરદ્હસ્તે લોકાર્પણવિધિ તથા જાહેર સમારંભ સ્થળ નીલગીરી ગ્રાઉન્ડ,નીલગીરી રોડ, લિંબાયત,સુરત ખાતે થી માન.સાંસદશ્રી સી.આર.પાટીલ અને માન.ધારાસભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન પાટીલ ના વરદ્હસ્તે ઉધના રેલ્વે કલ્વર્ટ નંબર ૪૩૭ નજીક ઉધના–લિંબાયતને જોડતા રેલ્વે ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ ની તકતીનું અનાવરણ તથા પૂણા તળાવ પાસે બોરડા–ફાર્મની સામે,પૂણા તળાવની બાજુમાં,પૂણા ગામ,સુરત ખાતે આવેલ ઓવર હેડ ટાંકી ભકચઢ કભઢ૫ તેમજ ભણ૬ભટ માન.અધ્યક્ષશ્રી,પાણી સમિતિ શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ ના વરદ્હસ્તે લોકાર્પણવિધિની ની તકતીનું અનાવરણ કરવામાં આવેલ

જાહેર સમારંભના સ્થળે આસી.કમિશનરશ્રી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી ( ૫ અને ઈ) એ આજના પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, પત્રકારમિત્રો, અધિકારીગણ, કર્મચારીગણ નું સ્વાગત કરેલ





મંચસ્થ મહાનુભાવોનું વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ ધ્વારા સુખડીથી સ્વાગત કરવામાં આવેલ.

માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે ઉધના,લિંબાયત ને જોડતા ઉધના રેલ્વે કલ્વર્ટ નંબર ૪૩૭ નજીક રેલ્વે ઓવર બ્રિજની ઘાણા લાંબા સમયથી માંગણી કરવામાં આવતી હતી જે આજરોજ પૂર્ણ થતા સંતોષની લાગણી અનુભવે છે.આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજર રહેલ નગરજનોને આભાર વ્યકત કર્યો હતો

માન.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે સદર ઓવર બ્રિજના નિર્માણના આયોજન બાબતે માન.સાંસદ શ્રી સી.આર.પાટીલ તથા માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે ખુબ જ સંઘર્ષ કરવો પડયો છે.અને આ કામનો સંપૂર્ણ યશ તેમને ફાળે જાય છે જેથી તેઓ અભિનંદન ને પ્રાત્ર છે.વધુમાં જણાવ્યુ હતુ કે સદર ઓવર બ્રિજના નિર્માણ થી આ વિસ્તારમાં આવેલ ઘણી મિલ્કતોને નુકશાન થતું બચાવી શકાય તે હેતુંથી સદરહું ઓવર બ્રિજ ફોર (૪) લેન ને બદલે ટુ (૨) લેન ને ડિઝાઈન મંજુર કરી આયોજન કરવામાં આવેલ છે.

માન.સાંસદ સભ્યશ્રી સી.આર.પાટીલએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે વર્ષો પહેલા લિંબાયત ઝોનની જે પરિસ્થિત હતી તેમાં ક્રમસહ સુધારો કરી ઘણી સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે ભારે વરસાદને કારણે રોડ ઉપર ભરાતા પાણીનો નિકાલ કરવા રોડ પહોળા કરવામાં આવેલ છે. સાથો સાથ ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ છે રેલ્વે અધિકારીઓ સાથે વારંવાર મિટીંગો કરી વરસાદના પાણીના નિકાલની જે સમસ્યા છે તે દુર કરવામાં આવી સુરતના આકિટેકટ શ્રી સંજય જોષીએ તૈયાર કરેલ ડિઝોઈન આધારે સુરત રેલ્વે સ્ટેશનનું મોડેલ તૈયાર કરવામાં આવેલ છે.

TOP

જેની માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખુબ જ પ્રશંસા કરેલ છે.સુરત રેલ્વે સ્ટેશનના વિકાસના ભાગરૂપે રેલ્વે ગુડસ લિંબાયત ઝોનની ખુલ્લી જગ્યામાં લઈ જવામાં આવશે જેથી આજુબાજુના વિસ્તારનો ખુબ જ વિકાસ થશે. લોકોની રોજીરોટીમાં વધારો થશે લિંબાયત ઝોનમાં આધુનિક સ્મશાન ગૃહ બનાવવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.તેમજ ગંદા પાણીને રીસાયકલિંગ કરી પાણી શુધ્ધિ કરણ પ્રોજેકટનું પણ આયોજન કરવામાં આવેલ છે.તેમજ નવા કોમ્યુનિટીહોલ તૈયાર કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે.આવનાર સમયમાં સમગ્ર લિંબાયત ઝોનને રોડ રસ્તા શુધ્ધ પાણીની વ્યવસ્થા સહિત આધુનિક સુવિધાઓથી સજજ કરવામાં આવશે

માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે લિંબાયત વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલએ રેલ જેવી મુશ્કેલીના સમયએ ખડે પગે ઉભા રહી જનતાની જે સેવા કરી છે તે ધન્યવાદને પાત્ર છે.લિંબાયત ઝોનનો અન્ય ઝોનની જેમ સમતોલ વિકાસ થાય તે માટે આધુનિક સુવિધાઓના આયોજન હાથ ધરવામાં આવેલ છે

આધુનિક સ્મશાનગૃહના આયોજનમાં સુરત મહાનગરપાલિકા તરફથી રૂા.૬.૪૦ કરોડની ગ્રાંટ મંજુર કરવામાં આવેલ છે.વધુમાં જણાવ્યું હતું કે ૪૦૦ જેટલી સોસાયટીઓમાં શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે પાણીની લાઈન નાંખવાનું તાજેતરમાં ઠરાવ કરવામાં આવેલ છે

અમરોલી પુલ થઈ કતારગામ તરફે જવા–આવવા માટે બે મુખ્ય ફલાય ઓવરની બંન્ને બાજુથી ચડતા ઉતરતા રેમ્પના આયોજનથી સુરત શહેરમાં આવતા જતા ટ્રાફિકમાં સરળતા થશે. ઉધના સ્ટેશનની દક્ષિણે ઉધનાથી લિંબાયત તરફ જવા આવવા માટે રેલ્વે ઓવર બ્રિજના આયોજનથી પણ ટ્રાફિકમાં સરળતા રહેશે. તેમજ ભારે વરસાદ દરમ્યાન પણ આ રેલ્વે ઓવર બ્રિજ નો ઉપયોગ કરી શકાશે.અઠવા ઝોન વિસ્તારમાં શાંતિકુંજના લોકાર્પણથી સદરહું વિસ્તારના વરિષ્ઠ નાગરિકોને આરામ તથા શાંતિ માટેની સુવિધા પ્રાપ્ત થશે.ઓવર હેડ ટાંકીના લોકાર્પણથી ટી.પી.સ્કીમ નં.૨૦ (પાર્ટ) પુણા તથા ટી.પી.સ્કીમ નં.૧૧(પાર્ટ) પુણા તથા પુણા ગામતળનો વિસ્તાર તેમજ ઉધના ઝોનમાં નવા સમાવિષ્ટ વિસ્તાર પૈકી ટી.પી.સ્કીમનં. ૫૯ (ઉન) પૈકી,ટી.પી. સ્કીમનં.૬૭ (જીયાવ–સોનારી ગભેણી ) પૈકી તથા ગભેણી ગામતળ વિસ્તારના નાગરિકોને સ્વચ્છ પીવાના પાણીની સુવિધા પ્રાપ્ત થશે.

આ પ્રસંગે,ગુજરાત હાઉસીંગ બોર્ડના માન.અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ,માન. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,પત્રકારશ્રીઓ,અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમના અંતે માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન.કે.વેકરીયાએ આભારવિધિ કરી હતી

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની અવિરત વિકાસયાત્રા સંદર્ભે આજરોજ તા.૦૬/૦૯/૨૦૧૫ ના રોજ અંદાજિત રૂા.૯૨.૦૦ કરોડના ખર્ચે રાંદેર ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્તવિધિ /લોકાર્પણવિધિ નો કાર્યક્રમ યોજવામાં આવેલ

રાંદેર ઝોન વિસ્તારમાં માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને તથા માન. અધ્યક્ષાશ્રી,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી ના વરદ્હસ્તે (૧)જહાંગીરપુરા પેટ્રોલ પંપથી વરિયાવ તરફના રોડ પર આશિષ રો–હાઉસની બાજુમાં ,જહાંગીરપુરા,સુરત ખાતે ગાર્ડનના વિકાસના કામનું ખાતમુહૂર્તવિધિ (૨) પાલનપોર જકાતનાકાથી નહેર તરફના રોડ પર,રાજહંસ એપલ એપાર્ટમેન્ટની બાજુમાં,ગાર્ડનના વિકાસના કામનું ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ (૩) દિવ્યપ્રભા સોસાયટીની પાછળ,શ્રેણિક પાર્ક સોસાયટીની બાજુમાં,સુરત ખાતેવોક–વે,પાર્કિંગ,ગઝેબો સહિતના શાંતિકુંજના વિકાસના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ

માન.અધ્યક્ષશ્રી,લાઈટ અને ફાયર સમિતિ શ્રી ભવાનભાઈ સીસારા ના વરદ્હસ્તે ટી.પી.સ્કીમ નં.૯ (પાલનપોર),ફા.પ્લોટ નં.૧૫૭,સુરત ખાતે ફાયર સ્ટેશન તથા સ્ટાફ કવાર્ટસનું લોકાર્પણ કરવામાં આવેલ





માન.અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્હસ્તે ટી.પી.સ્કીમ નં.૧૪ (પાલ),ફા.પ્લોટ નં.૪૮–૫૦ અને ફા.પ્લોટ નં. ૧૬૫–૧૨૭, વચ્ચેના કેનાલ રોડને લાગુ જગ્યામાં, લીનીયર પાર્કનું લોકાર્પણ કરવામાં આવેલ

માન.ધારાસભ્ય, શ્રી પૂર્ણેશભાઈ મોદી ના વરદ્હસ્તે ગુજરાત ગેસ સર્કલ,અડાજણ રોડ,સુરત ખાતે ગુજરાત ગેસ સર્કલ અને સરદાર બ્રિજ નીચે બ્યુટીફિકેશનની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ તેમજ સરિતા સાગર સંકુલ,સ્વામી નારાયણ મંદિર પાસે,સરદાર વલ્લભભાઈ પટેલ બ્રિજ નીચે,અડાજણ,સુરત ખાતે સરદાર બ્રિજને સિકસ લેન કરવાના કામનું ખાતમુર્હત કરવામાં આવેલ

જાહેર સમારંભના સ્થળે સીટી ઈજનેરશ્રી જતીનભાઈ શાહએ આજના પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, પત્રકારમિત્રો, અધિકારીગણ, કર્મચારીગણ નું સ્વાગત કરેલ તથા તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલ બ્રીજને બંને બાજુ વાઈડનીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે





TOP

જેનાથી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થશે સુરત શહેર રોડ રસ્તા,પાણી,ગટરને સુવિધામાં અગ્રેસર છે સાથો સાથ રોડ ડિવાઈડર અને સર્કલના બ્યુટીફેશનના આયોજનથી શહેરની સુંદરતામાં વધારો થશે

મંચસ્થ મહાનુભાવોનું વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા સદસ્યશ્રીઓ ધ્વારા સુખડીથી સ્વાગત કરવામાં આવેલ.

માન.અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતિ શ્રી નિરવ શાહએ તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતું કે સુરત શહેરની વર્ષો પહેલા જે ઈમેજ હતી તેને બદલીને સ્વચ્છ સુરત સુંદર સુરત બનાવવામાં આવેલ છે. સુરત શહેરને શાગાઈ શહેરની જેમ સુંદર બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે હાલમાં અઠવાલાઈન્સ વિસ્તાર અને અડાજણ વિસ્તારને જોડતા સરદાર વલ્લભભાઈ પટેલ બ્રિજ ઉપર જે ટ્રાફિક સમસ્યા છે તેના નિવારણ માટેસરદાર વલ્લભભાઈ પટેલ બ્રીજને બંને બાજુ વાઈડનીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે કેબલ સ્ટેજ બ્રિજ નું કામ પણ ઝડપથી પૂર્ણ થાય તે પ્રમાણેના આયોજન હાથ ધરવામાં આવેલ છે. વિકાસના કામોના લાભો છેલ્લામાં છેલ્લી વ્યકિત સુધી પહોંચે તેનું ધ્યાન રાખવામાં આવે છે.શહેરમાં તમામ વિસ્તારોમાં વધુમાં વધુ બાગ–બગીચાઓ ના આયોજનથી શહેર "ગાર્ડન સીટી" ની ઓળખ પ્રાપ્ત કરશે હાલમાં ગોપીતળાવના ડેવલોપમેન્ટનું કામ પૂર્ણ થવાના આરે હોય શહેરને ટુંક સમયમાં એક વધુ નજરાણું પ્રાપ્ત થશે સુરત શહેરના તમામ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા તરફથી ડ્રેનેજ ની સુવિધા પુરી પાડવામાં આવશે

માન.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદીએ તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યુ હતું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ વિસ્તારોમાં વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ ધ્વારા સુરત શહેરને દેશનું મહત્તવનું શહેર બનાવવામાં આવેલ છે સુરત શહેરની કાયાપલટ કરવામાં આવેલ છે જેની સમગ્ર વિશ્વમાં ચર્ચા થાય છે સુરત શહેરને વિશ્વનું શ્રેષ્ઠ શહેર બનાવવા માટે નવા નવા આયોજનો જેમ કે આંતરારાષ્ટ્રીય સ્ટેડિયમનું આયોજન,ડુમસ તથા હજીરા બીચ નો વિકાસ,સુરત રેલ્વે સ્ટેશનનો આધુનિકરણ તથા સુડાના ૩૦૦ ફુટ ના આઉટર રીંગરોડનો ઝડપથી વિકાસ કરવા બાબતે ધ્યાન દોર્યું હતું.

સુરત શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમના ઝડપી અમલીકરણ તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કારણે આ વિસ્તારનો મહદ્અંશે રહેણાંક વિસ્તાર તરીકે વિકાસ થવાથી તેમજ હજીરા વિસ્તારમાં આવેલ ઔધોગિક સંકુલો કારણે મલ્ટી એકસલ વ્હીકલનો ટ્રાફિક ખૂબ જ રહે છે સરદાર વલ્લભભાઈ પટેલ બ્રીજને બંને બાજુ વાઈડનીંગ કરવાના આયોજનથી ટ્રાફિક સમસ્યાન નિરાકરણ થશે નવા ગાર્ડનના આયોજનથી લોકોને હળવા–ફરવાનું તેમજ આનંદપ્રમોદનું સ્થળ મળી રહેશે ફાયર સ્ટેશનના નિમાર્ણથી આગ અકસ્માતના પ્રસંગે ઝડપથી ફાયર અને ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ થશે

આ પ્રસંગે,માન. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા,શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ,પત્રકારશ્રીઓ,અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમના અંતે માન.અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાએ આભારવિધિ કરી હતી

TOP